જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૧/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૮૩	૩	૧૧૧૮૬	૧૭૩૧૪	૩	૧૭૩૧૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૬	૦	૬૬	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૬૬૨	૩૯	૨૮૭૦૧	૨૯૮૯૧	૪૨	૨૯૯૩૩
કુલ		૪૪૬૧૩	૪૨	૪૪૬૫૫	૫૩૬૯૬	૪૫	૫૩૭૪૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૫	૧૦,૬૦,૯૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૩૪	૧૨,૩૪,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

રીક્ષામાં મુસાફરોને લુંટતી ગેંગને લુંટ કરેલ સોનાની વિટી તથા રોકડા રૂપિયા સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના મુજબ પોલીસ ઇન્સપેકટરશ્રી એ.જે.પાંડવ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા.૨૪/૦૧/૨૦૨૧ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન ફરતા-ફરતા કલાક ૨૧/૩૦ વાગે જમાલપુર ચાર રસ્તા બ્રીજની નીચે જાહેર રોડ ઉપર આવતા હે.કો.મોહમદશાહીલ શબ્બીરમીંયા તથા પો.કો.રાજેન્દ્રસિંહ ભાવસિંહ તથા લોકરક્ષક યોગેન્દ્રસિંહ ખુમાનસિંહ નાઓને સંયુક્ત રીતે બાતમી હકિકત મળેલ કે, કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુ.ર.ન.૧૧૧૯૧૦૨૫૨૧૦૦૯૪/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ-૩૯૨ મુજબના ગુનાના કામે સી.સી.ટીવી ફુટેજ મેળવી જોતા ફુટેજમાં દેખાતી ગુનામાં ઉપયોગમાં લીધેલ ઓટોરીક્ષા નંબર જીજે-૨૭ ડીટી-૪૩૬૮ માં ગુનો કરેલ ચારેય ઇસમો બેસી લુંટ કરેલ સોનાની વીટી વેચાણ કરવા સારૂ બહેરામપુરા પોલીસ ચોકી તરફથી આવી અત્રે થઇ પસાર થનાર છે" વિગેરે મતલબની બાતમી હકિકત આધારે સદર જગ્યાએ વોચમાં હાજર રહી આરોપી નામે (૧) એજાજહુસેન કરારહુસેન શેખ ઉ.વ.૧૯ રહે.મ.નં.૧૧૯ યુનિહોલ બિસ્કીટ ગલી પાનકોરનાકા કારંજ અમદાવાદ શહેર (૨) શાબનઅલી શાબીરહુસેન શેખ ઉ.વ.૨૬ રહે.મ.નં.૧૩૬૩ માતાનું ડેલો શલાપસ રોડ છરાની હોટલની બાજુમાં કારંજ અમદાવાદ શહેર (૩) જાવીદહુસેન રજાકહુસેન મોમીન ઉ.વ.૩૨ રહે.મ.નં.૨૨ અલમુર્તુજા હાઉસીંગ ગુલમહોર સામે વટવા અમદાવાદ શહેર તથા (૪) ઇરફાન ઉર્ફે હૈદર બાકરહુસેન મોમીન ઉ.વ.૨૪ રહે.મ.નં.૨૯ અલમુર્તુજા હાઉસીંગ ગુલમહોર સામે વટવા અમદાવાદ શહેર નાઓને લુંટ કરવામાં વાપરેલ ઓટો રિક્ષા નં.જીજે-૨૭ ડી.ટી-૪૩૬૮ કિ.રૂ.૫૦,૦૦૦/- તથા સોનાની વિટી કિ.રૂ.૨૦,૦૦૦/- તથા રોકડા રૂ.૨૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૦૦૦/- મળી કુલ્લે રૂ.૭૩,૦૦૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે પકડી, કાગડાપીઠ પોલીસ સ્ટેશનનો ઉપરોક્ત ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.



ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પાલડી પોલીસ સ્ટેશન :

પાલડી વિસ્તારમાં સી.સી.ટી.વી. ફુટેજ આધારે ચોરી તથા અન ડીટેક્ટ ગુન્હા શોધી કાઢતો સર્વેલન્સ સ્કોડ પાલડી પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રી વાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમાં મીલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ તેમજ બનેલ અનડિટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ જે આધારે સંયુકત પોલીસ કમીશ્નર શ્રી આર.વી.અંસારી સાહેબ સેકટર-1 નાઓએ જરૂરી પેટ્રોલીગ રાખી ગુના શોધી કાઢવા સુચના કરેલ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રેમસુખ ડેલુ સાહેબ ઝોન-7 નાઓએ આ બાબતે જરૂરી માર્ગદર્શન તેમજ સુચના આપેલ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવિઝન નાઓએ આ બાબતે જરૂરી પેટ્રોલીગ રાખી બનેલ ગુના શોધી કાઢવા જરૂરી માર્ગદર્શન તેમજ સુચના આપેલ જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.એમ.સોલંકી નાઓના સીધા માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અને ચોરીના અનડિટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડ ના પો.સબ.ઈન્સ. એન.યુ.ટાપરીયા તથા સ્ટાફના માણસોને પો.સ્ટે.વિસ્તારમાં બનેલ અનડીટેક્ટ ગુન્હાઓ તથા ચોરીના ગુન્હાઓ દાખલ થયેલ જે અંગે સી.સી.ટી.વી ફુટેજ આધારે પેટ્રોલીગ રાખવા સુચના આધારે અલગ અલગ ટીમો બનાવી તેઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. એન.યુ.ટાપરીયા તથા (1) અ.હે.કો. ગણપતભાઇ શીવાભાઇ બ.નં.4111, (2) પો.કો.ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ બ.નં.11844, (3) પો.કો. સાર્દુલભાઈ સાગરભાઈ બ.નં.8644, (4) પો.કો. અશ્વીનભાઈ પ્રભુભાઈ બ.નં.8818, (5) અ.લો.ર. જયમીનભાઇ મહેશભાઈ બ.નં.1271, (6) અ.લો.ર. વિક્રમભાઇ લક્ષ્મણભાઇ બ.નં.11285 (7) અ.લો.ર. સુભાષભાઇ પ્રભુભાઇ બ.નં.1455, (8) અ.લો.ર. રાજુભાઈ ઈશ્વરભાઈ બ.નં.4138, (9) વુ.લો.ર. અંજનાબેન નારણભાઇ બ.નં.11170 વિગેરે સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન તા-૨૬/૦૧/૨૦૨૧ ના સાથેના પો.કો ધર્મેન્દ્રભાઈ મોહનભાઈ બ.નં.11844 તથા અ.લો.ર. જયમીનભાઈ મહેશભાઈ બ.નં.12771 વાળાઓને સંયુક્ત ખાનગી હકીકત મળેલ કે પાલડી પો.સ્ટે. પાર્ટ એ-11191016200632/20 ધી ઈ.પી.કો. કલમ 379(એ)(3), 114 મુજબના કામનો સંઘર્ષમાં આવેલ દાણીલીમડા શાહઆલમ નાની દરગાહ પાસે શાહનગર પાસે ભીલવાસ ખાતે રહેતા આરોપીએ સદરહુ ગુનો આચરેલ છે જે આરોપી હાલમાં અંજલી ચાર રસ્તા પાસે ઉભો છે અને ગુનો આચરતી વખતે વાપરેલ સુઝુકી બર્ગમેન નંબર પ્લેટ વગરનું જેના એ.નં.AF216483136 તથા ચે.નં.MB8EA11DLL8155154 તથા જેની કિ.રૂ.50,000/- ગણાય જે વાહન સાથે તે ઉભો છે જેથી તેને તા-૨૬/૦૧/૨૦૨૧ કલાક ૧૬/૦૫ વાગે અટક કરવામાં આવેલ છે.

તેમજ પાલડી પો.સ્ટે પાર્ટ એ-11191016200569/20 ધી ઈ.પી.કો.કલમ 379 મુજબના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પાસેથી મુદ્દામાલ પીળા કલરની સ્વીચ કંપનીની ઈલેક્ટ્રોનીક્સ સાઈકલ જેની કિ.રૂ.50,000/- ગણાય જે કબ્જે લેવામાં આવેલ છે. સદરહુ બંને ગુન્હાની તપાસ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.યુ.ટાપરીયા નાઓ ચલાવી રહેલ છે.

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

પ્રોહિબીશનના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબના સીધા સુપરવિઝન અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ખાતે અલગ અલગ ટીમો બનાવી તપાસ કરાવતા નારોલ પોલીસ સ્ટેશન પ્રોહિ ગુ.ર.નં ૫૧૦૬/૧૯ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(બી), ૬૫(ઇ) ૮૧ મુજબના ગુનાના નાસતા ફરતા આરોપી રણજીત ચુનારા રહે કમોડ ગામ નાનો રામોલ ચુનારાવાસ ખાતે રહેતો હોવાની સર્વેલન્સ સ્કોર્ડ પો.કો ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં ૫૯૧૮ તથા ઇન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં ૯૯૫૮ નાઓને ખાનગી રાહે સંયુક્ત બાતમી હકીકત મળતા નારોલ પોલીસ ચોકીના પો.સ.ઇ એસ.એ.ફુલધારા નાઓએ તાત્કાલીક ટીમ મોકલી આપવા જણાવતા તથા વુ.પો.કો માયાબેન ભગવાનદાસ બ.નં ૪૬૦૮ તથા નારોલ પોલીસ ચોકીના પો.કો રોહિતસિંહ રામસંગજી બ.નં ૧૨૫૨૬ તથા પો.કો રાજેન્દ્રસિંહ દિલીપસિંહ બ.નં ૧૨૯૯૪ નાઓને નાસતા ફરતા આરોપી રણજીત સ/ઓ અમરતભાઇ ચુનારા ઉ.વ ૩૦ રહે ચુનારા વાસ કમોડ ગામ તા.દસ્ક્રોઇ જી અમદાવાદ હાલ રહે ચુનારાવાસ રામોલ ગામ અમદાવાદ શહેર નાનો મળી આવતા નારોલ પોલીસ સ્ટેશન લાવી ગાઇડ પ્રમાણે કોરોના રીપોર્ટ કરાવી આરોપી અટક કરી આગળની કાર્યવાહી કરવા તજવીજ કરી નાસતા ફરતા આરોપી પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧) પો.સ.ઇ એસ.એ.ફુલધારા
(૨) પો.કો ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં ૫૯૧૮
(૩) પો.કો ઇન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં ૯૯૫૮
(૪) વુ.પો.કો માયાબેન ભગવાનદાસ બ.નં ૪૬૦૮
(૫) લોકરક્ષક રોહિતસિંહ રામસંગજી બ.નં ૧૨૫૨૬
(૬) લોકરક્ષક રાજેન્દ્રસિંહ દિલીપસિંહ બ.નં ૧૨૯૯૪



પાસા અટકાયતની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશન

દેશીદારૂની હેરાફેરી કરતા ઇસમને પાસા અટકાયત હેઠળ જુનાગઢ જેલ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એલ" ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૫૨૦૪/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(બી)૬૫(ઈ)૮૧,૯૮(૨) મુજબના ગુનાના કામના,આરોપી ધનાજી ઉર્ફે ગનાજી ફકાજી ઠાકોર ઉ.વ.૩૧ રહે-રાણજીપુરા સિમ વિસ્તાર પરૂ ઉવારસદ તા.જી.ગાંધીનગર નાનો પોલીસથી ચોરી છુપી દેશીદારૂ ૭૧૮ લીટર કિં.રૂ. ૧૪૩૬૦/ તથા મો.ફોન નંગ-૧ કિં.રૂ. ૫,૦૦/- તથા રોકડ નાંણા રૂ.૨૩૦/- ઇકો ગાડી નં.GJ-01-DZ-1678 કિં.રૂ. ૧,૫૦,૦૦૦/- ની મળી કુલ્લે કિ.રૂ.૧,૬૫,૦૯૦/- ના મુદ્દામાલ સાથે તેના સાગરીતો સાથે મળી દારૂની હેરાફીરી કરતાં તેના સાગરીતો મળી આવેલ અને બાદમાં સદરી આરોપીને પકડી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૫૪/૨૦૨૧ તા.૨૭/૦૧/૨૦૨૧ થી સદરી આરોપીને જીલ્લા જેલ જુનાગઢ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતાં સદરી આરોપીને આજરોજ તા.૨૭/૦૧/૨૦૨૧ કલાક ૨૨/૪૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે જુનાગઢ જેલ ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર

(૧) હે.કો. નિખિલેશ દિપકકુમાર બ.નં.૮૫૩૯

(૨) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



નરોડા પોલીસ સ્ટેશન

ચોરીના ગુનાના આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૩૨૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૮૦, ૧૧૪ મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૬૨/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપીઓ વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના (૧) ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૫૦/૨૦૨૧ તા-૨૭/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે આરોપી પ્રકાશ ઉર્ફે જાડીયો ઉર્ફે બટકો ઉર્ફે બકો ચમનભાઇ મંગાભાઇ પટણી ઉ.વ.૩૯ રહે:બ્લોક નં.૭૬, મ.નં.૧૮૦૫ ગુ.હા.બોર્ડ બાપા સિતારામની મઢી પાસે,ચમનપુરા મેઘાણીનગર,અમદાવાદ શહેર ને તા-૨૭/૦૧/૨૦૨૧ ના કલાક-૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી જુનાગઢ જેલ ખાતે તેમજ (૨) ક્રમાંક:પીસીબી/ડીટીએન /પાસા/૧૫૧/૨૦૨૧ તા-૨૭/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે આરોપી પ્રદિપ ઉર્ફે બટકો ઉર્ફે ભુરીયો મંગળદાસ પટણી (ઝાલાવાડા), ઉ.વ.૩૬ રહે:બ્લોક નં.૩૯ મ.નં.૩૩૨૮ ગુ.હા.બોર્ડ બાપા સીતારામની મઢી પાસે, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર ને તા-૨૭/૦૧/૨૦૨૧ ના કલાક-૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ભાવનગર જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૭/૦૧/૨૦૨૧

આરોપીઓનુ નામ –

(૧) પ્રકાશ ઉર્ફે જાડીયો ઉર્ફે બટકો ઉર્ફે બકો ચમનભાઇ મંગાભાઇ પટણી ઉ.વ.૩૯ રહે:બ્લોક નં.૭૬, મ.નં.૧૮૦૫ ગુ.હા.બોર્ડ બાપા સિતારામની મઢી પાસે,ચમનપુરા મેઘાણીનગર,અમદાવાદ શહેર
(૨) પ્રદિપ ઉર્ફે બટકો ઉર્ફે ભુરીયો મંગળદાસ પટણી (ઝાલાવાડા), ઉ.વ.૩૬ રહે:બ્લોક નં.૩૯ મ.નં.૩૩૨૮ ગુ.હા.બોર્ડ બાપા સીતારામની મઢી પાસે, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૮૭/૨૦૨૧**

વેજલપુરઃ સનીષભાઈ રાજનારાયણ પાન્ડે (રહે.સમત્વ બંગ્લોઝ ઓ-સેવન કલબની બાજુમાં શેલા તા-સાણંદ જી-અમદાવાદ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૧ સાજના ૭/૪૫ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન સોનલ ત્રણ રસ્તા પાસે ગાંધી હોલ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી અગત્યના દસ્તાવેજો અને લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નસરુલ્લાખાન હબીબખાન ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૮૮/૨૦૨૧**

નરોડાઃ ગીતાબહેન શિવરાજભાઇ મંડોડ (ઉ.વ.૩૩) (રહે.પાણીની ટાંકી પાસે છાપરાંમાં નરોડા) તા.૨૬/૦૧/૨૦૨૧ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી ગેટ નંબર-૧ રોડ ઇંગરશોલ ફેક્ટરી સામે ગટર લાઇન ખાતે ભેખડ ધસી પડતા ખાડામાં પડી જતા દબાઇ જતા ગીતાબહેનને ગંભીર ઈજાઓ થતા ગીતાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષકુમાર રાજેન્દ્રભાઇ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૧૮૯/૨૦૨૧**

શાહપુરઃ નિરવભાઈ પ્રવિણચંદ શાહ (ઉ.વ.૪૦) (રહે. છબીલા ઓધવની ખડકી શાહપુર દરવાજાનો ખાચો શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૨૦૨૧ સાજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળીના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

શાહીબાગઃ સુભાષ ઉર્ફે મોન્ટુ કપુરચંદ બેડ(જૈન)(ઉ.વ.૩૮)(રહે.ઋષિકા એપાર્ટમેન્ટ સુજાતા ફ્લેટ પાસે ચંદ્રમણી હોસ્પિટલ સામે ગલીમાં શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં ટુવાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

વટવાઃ મંજુરહુસેન શબ્બીરહુસેન પઠાણ (ઉ.વ.૨૯) (રહે.શાહીયા કોલોની આમેના મસ્જીદ સામે તસ્લીમ સોસાયટી પાસે વટવા) એ બિમારીથી કંટાળી તા.૨૭/૦૧/૨૦૨૧ સાજના ૫/૪૫ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલસિહ પ્રહલાદજી ચલાવે છે.

દાણીલીમડાઃ ગજાલાબાનુ વા/ઓ એઝાજખાન પઠાણ (ઉ.વ.૨૮)(રહે.જીતુભગત કમ્પાઉન્ડ શાહઆલમ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના પતિના ઘરે કોઈ ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એસ.વી.પી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી